# અહેવાલ

તા.૦૪/૦૧/૨૦૨૩ થી તા.૧૦/૦૧/૨૦૨૩

પીપલખેડના પટાંગણમાં રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.)નો વાર્ષિક ખાસ શિબિર "પર્યાવરણ જાળવણી, સિંગલ યુઝ પ્લાસ્ટીક, આયુર્વેદ અને આરોગ્ય"

સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, ખેરગામના આચાર્યશ્રી ડો.એસ.એમ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ આયોજિત એન.એસ.એસ. (N.S.S.) યુનિટના ઉપક્રમે વાંસદા તાલુકાના પીપલખેડ પ્રાથમિક શાળા, પીપલખેડના પટાંગણમાં કુલ 100 શિબિરાર્થીઓ તા.૦૪/૦૧/૨૦૨૩ બુધવાર થી તા.૧૦/૦૧/૨૦૨૩ મંગળવાર દરમ્યાન "પર્યાવરણ જાળવણી, સિંગલ યુઝ પ્લાસ્ટીક, આયુર્વેદ અને આરોગ્ય" ના હેતુને ચરિતાર્થ કરવા ઉત્સાહપૂર્વક જોડાયા હતા. જે નિમિતે તા.૦૫/૦૧/૨૦૨૩ને ગુરૂવારના રોજ ઉદઘાટન પ્રસંગે સમારંભના ઉદઘાટકશ્રી પ્રો.સૂર્યાંગભાઈ પી.ટંડેલ - (N.S.S.) પ્રોગ્રામ ઓફિસરશ્રી તથા તેમની સાથે પ્રા. કેતનભાઈ પટેલ - સરકારી વિજ્ઞાન કોલેજ ચીખલી, શ્રી દશરથભાઈ જે. ભોયા - તાલુકા પંચાયત ઉપપ્રમુખ, શ્રી મહેશભાઈ ભોયા, શ્રીમતી રીનાબેન કિરણભાઈ થોરાત - SMC અધ્યક્ષ, શ્રી ગણપતભાઈ યુ. માહલા – SMC શિક્ષણ વિદ, શ્રી શૈલેષભાઈ વી. પટેલ – આચાર્યશ્રી પીપલખેડ હાઈસ્કુલ, શ્રીમતી અલ્વીના એ. શેખ – આચાર્યશ્રી, પ્રા. શાળા પીપલખેડ, શ્રી જયંતિલાલ કે. ગાંવિત – સીનીયર શિક્ષક, શ્રી અમ્રતભાઈ એમ.પટેલ – વિદ્યાર્થી વાલી પ્રતિનિધિ અને સામાજિક કાર્યકર્તા, ખેરગામ, શ્રી શૈલેષભાઈ જે. માહલા – વાંસદા તાલુકા પ્રાથમિક શૈક્ષિક સંઘ પ્રમુખશ્રી, શ્રી મહેશભાઇ પટેલ – પ્રચાર મંત્રી નવસારી જિલ્લા શૈક્ષિક સંઘ, શ્રીમતી શીતલબેન બી. ગાંવિત – SMC સભ્ય, શ્રી સ્નેહલભાઈ આર. પટેલ – ભૂતપૂર્વ વિદ્યાર્થી, સ્ટેટ લેવલ N.S.S.-2017 Award વિજેતા, શ્રી જયકુમાર બી. પટેલ – ભૂતપૂર્વ વિદ્યાર્થી, સ્ટેટ લેવલ N.S.S.-2021 Award વિજેતા, કુ. દમયંતીબેન એમ. પટેલ - ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્ટેટ લેવલ N.S.S.-2022 Award વિજેતા તેમજ પ્રાથમિક શાળાના ભૂલકાઓ અને સ્ટાફ તથા કોલેજ સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રસંગોચિત ઉદબોધન આપતા આચાર્યશ્રી ડો.એસ.એમ.પટેલ સાહેબશ્રીએ જણાવ્યું કે "આજે આપણી સંસ્થા વિશાળ વટવૃક્ષ બનીને ઊભી છે. રાષ્ટ્રના વિકાસમાં યુવાનોનો સહયોગ દેશને પ્રગતિના શિખરે લઈ જશે, શાંતિ, એકતા અને સમૂહની ભાવના, નેતૃત્વના ગુણોનો વિકાસ, માર્ગદર્શન, બોધપાઠ, સહયોગ, અનુભવ મેળવી શિબિરાર્થી વ્યક્તિત્વ વિકાસની સાથે રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બને એ ખૂબ જરૂરી છે. એન.એસ.એસ. (N.S.S.) કેમ્પ નવા વિચારોને જન્મ આપે છે. ટાઈમ મેનેજમેન્ટ, આયોજનના પાઠ આ કેમ્પ થકી શીખવા મળે છે. શૂન્યમાંથી સર્જન કરવાની તાકાત કેળવાય છે.

Principal
Government Arts, Commerce & Science College
Khergam, Ta. Khergam, Dist. Navsari
Cardex No. 630.

Cardex No. 630.

Cardex No. 630.

એન.એસ.એસ. એ જીવન ઘડતરની પાઠશાળા છે" ઉદ્ઘાટકશ્રી પ્રો.સૂર્યાંગભાઈ પી.ટંડેલે જણાવ્યું કે "હું નહી પણ તમે" સેવા, સંયમ અને વિકાસ થકી દેશની સેવા માટે યુવા પેઢી આગળ આવશે. આજે એન.એસ.એસ.ના 36 લાખ 50 હજારથી વધુ સ્વયંસેવકો નિસ્વાર્થ ભાવે અને સામાજિક નૈતિક જવાબદારી ઉપાડીને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા જળવાય રહે તે ઉદ્દેશ્યને ચરિતાર્થ થાય તેવા સમાજ કલ્યાણકારી અને સેવાકીય કાર્યો કરી રહ્યા છે"

વિદ્યાર્થીઓની ભાવી ઉન્નતિ તેમજ રાષ્ટ્ર વિકાસ માટે આ કેમ્પ દરમિયાન વિવિધ કાર્યક્રમ દ્વારા સ્વાલંબનનાં પાઠ ભણે તે માટેનું સમગ્રલક્ષી આયોજનની રૂપરેખા પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ.યોગેશકુમાર એન. ટંડેલે આપી હતી અને સમગ્ર સંચાલનની જવાબદારી પ્રોગ્રામ ઓફિસરશ્રી અમિતકુમાર એ. પટેલ તથા પ્રા.મેહુલકુમાર એન. પટેલ સંભાળી હતી તેમજ પ્રા.ખુમરાજ કે. મેહતાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

GOVT. ARTS, COMMERCE & SCIENCE COLLEGE
सत्यमेव जयते
KHERGAM

Principal
Government Arts, Commerce & Science College
Khergam, Ta. Khergam, Dist. Navsari
Cardex No. 630.